८२



| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ.<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |
| website :- www.saurashtrauniversity.edu | | e-mail id :- phyedu@sauuni.ernet.in |



**વિષય :- "વિશ્વ સિંહ દિવસ"ની ઉજવણી નિમિતે કોલેજોમાં કાર્યક્રમ યોજવા બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક :- બ/વપસ/ટે.ક/લાયન ડે/૧૫૨૪-૨૮/૨૦૧૮-૧૯ તારીખ : ૧૯-૦૭-૨૦૧૮**

પરિપત્ર ::-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન અમરેલી શહેર અને અમરેલી જિલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપશ્રીના વિભાગનાં સાથ સહકારથી છેલ્લા બે વર્ષથી "વિશ્વ સિંહ દિવસ" ની ઉજવણીનો વિશાળ કાર્યક્રમ નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર. દ્વારા યોજવામાં આવે છે. જે મુજબ આગામી તા. ૧૦ મી ઓગસ્ટ ૨૦૧૮ નાં રોજ સમગ્ર વિશ્વમાં "વિશ્વ સિંહ દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત વન વિભાગ દ્વારા જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર અને બોટાદ જીલ્લાનાં તમામ તાલુકાઓની પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અને કોલેજોમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ દ્વારા બૃહદ ગીરના દરેક ગામ તથા શહેરોમાં રેલીઓ યોજી સિંહ સંરક્ષણ વિષે જાગૃતી વધે તેવા પ્રયાશો કરવામાં આવશે.

ઉપરોકત કાર્યક્રમમાં આપશ્રીની કોલેજોનાં/ભવનોનાં અને માન્ય સંસ્થાઓના વિધાર્થી ભાઈઓ-બહેનો બહોળી સંખ્યામાં ભાગ લ્યે તેવું આયોજન કરવા અને "વિશ્વ સિંહ દિવસ" ની ઉજવણીનો કાર્યક્રમ કરવા આપને જણાવવામાં આવે છે. આ કાર્યક્રમ માટે વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર દ્વારા દરેક જિલ્લા/તાલુકા કક્ષાએ આ સાથે સામેલ લિસ્ટ મુજબ કો-ઓર્ડીનેટરોની નિમણુંક કરવામાં આવેલ છે. જેમને પુરતો સહકાર આપવા વિનંતી છે. તેમજ કાર્યક્રમને અનુરૂપ સાહિત્ય નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર. દ્વારા સીધું પૂરું પાડવામાં આવશે. જે વિદિત થાય.

નં.શા.શિ./વિ.પર્યા.દિ./૬૨/૨૦૧૮
શારીરિક શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ - ૩૬૦૦૦૫
તા.૦૫-૦૮-૨૦૧૮

કુલસચિવશ્રી.

બિડાણ :- જિલ્લા/તાલુકા કક્ષાએ નિમેલ કો-ઓર્ડીનેટરોની યાદી.

પ્રતિ,
(૧) સૌ. યુનિ. સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ,
(૨) સૌ. યુનિ. સંચાલિત અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ,
(૩) સૌ. યુનિ. સંલગ્ન માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ,

નકલ સાદર રવાના :-
૧) માન. કુલપતિશ્રી નાં અંગત સચિવશ્રી,
૨) માન. કુલસચિવશ્રી નાં અંગત સચિવશ્રી,